EDII

Divyabhaskar (Suppl.: Citybhaskar)

January 10, 2024
Page No.9

# MSME સેક્ટરમાં નવી ટેક્નોલોજીના અમલ પર ચર્ચા સત્ર યોજાયું



અમદાવાદ : માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝિસ (MSME) સેક્ટરમાં ટેક્નોલોજીના અમલ વિષય પર EDII ખાતે ઈન્ટરનેશનલ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં રિપબ્લિક ઓફ કોરિયાના એમ્બેસેડર ચાંગ જે-બેક અને CII ટાસ્ક ફોર્ના ચેરમને પિરુઝ ખંભાતા ઉપસ્થિત રહ્યાં હતા. આ કોન્ફરન્સમાં ગ્લોબલ આંત્રપ્રિન્યોરશિપ મોનિટર : ઈન્ડિયા રિપોર્ટનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સમાં સંબોધન આપતા ચાંગ જે-બેક દ્વારા કોરિયા-ભારત દ્વિપક્ષીય સંબંધોને વધુ વેગ આપવા માટે MSME સેક્ટરની ભૂમિકા પર વધારે ભાર આપ્યો હતો. ઉપરાંત પિરુઝ ખંભાતાએ જણાવ્યું કે, 'MSME સેક્ટર દેશના આર્થિક વિકાસમાં વધુ યોગદાન આપી રહ્યું છે. જે આંત્રપ્રિન્યોર્સ અને બિઝનેસ ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવે છે. ભારતમાં વિવિધ લાભદાયી MSME સંબંધિત યોજનાઓ અને નીતિઓ આ સેક્ટર માટે ખૂબ જ ઉપયોગી નીવડી રહી છે.'